# બાળ સાહિત્યની પુસ્તિકાઓ

| | |
|---|---|
| બાળ વાર્તાઓ ૧ થી ૮ ભાગમાં | લે. ગિજુભાઈ |
| બાળ સાહિત્યમાળાની ૮૦ પુસ્તિકાઓ | ” |

( આ પુસ્તિકાઓ આઠનો ૧ સેટ–એવા ૧૦ સેટમાં મળે છે )

| | |
|---|---|
| બાળ ગીતો ભા. ૧–૨–૩ | સંપાદક : સોમાભાઈ ભાવસાર |
| ત્રણ પીછાં | લે. કાંતિલાલ શાહ |
| કાળા જાદુની શાળા | ” |
| સુંદરપરી | ” |
| જાપાનની પરીકથાઓ ૧થી૬ નો સેટ | પ્રમીલાબેન શાહ |

## અક્ષરજ્ઞાન માટેની પુસ્તિકાઓ

| | |
|---|---|
| કેમ શીખવવું ? (શીખવનાર માટે) | લે. ગિજુભાઈ |
| ચાલો વાંચીએ | ” |
| આગળ વાંચો પુસ્તિકા ૧–૨–૩ | ” |
| ખિસ્સાપોથી | મૂળશંકર મો. ભટ્ટ |
| વાચનપટ | ” |

પ્રાપ્તિ સ્થાન

**સંસ્કાર સાહિત્ય મંદિર**

પો. ઓ. નં. ૩૪ • દરબારગઢ, • ભાવનગર

ટાઈટલ – શ્રી ગણેશ પ્રિન્ટીંગ પ્રેસ, ભાવનગર

# ચાલો વાંચીએ



પ્રકાશક – સંસ્કાર સાહિત્ય મંદિર, પો. બો. ૩૪ ભાવનગર

અક્ષરજ્ઞાન યોજના

# ચાલો વાંચીએ

લેખક

ગિજુભાઈ

卐

સંસ્કાર સાહિત્ય મંદિર
પો. બો. નં. ૩૪
દરબારગઢ, ભાવનગર

: પ્રકાશક :
દીપકકુમાર શાહ, સંસ્કાર સાહિત્ય મંદિર
પો. બો. નં. ૩૪ દરબારગઢ, ભાવનગર

રૂ. ૧–૫૦

પહેલી વાર : ૩૦ મી માર્ચ ૧૯૩૦
અઠ્યાવીશમી વાર : મે ૧૯૭૮
કુલ ૧,૬૦,૦૦૦

: મુદ્રક :
જુગલદાસ સી. મહેતા, શ્રી પ્રવીણ પ્રિન્ટરી
સોનગઢ ( સૌરાષ્ટ્ર )

જેઓ
આ ચોપડી હોંશે હોંશે વાંચશે
તેમને જ
એ અર્પણ કરું છું
ગિજુભાઈ
શ્રી દક્ષિણામૂર્તિ બાલમંદિર
૩૦–૩–'૩૧

પાઠ ૧ લો

શ્રી

ક ન દ મ

કા ના દા મા

કાકા નાના દાદા મામા

છે

કાકા છે. દાદા છે.

નાના છે. મામા છે.

નાના કાકા છે.

નાના દાદા છે.

કાકા નાના છે.

મામા નાના છે.

કાના કાકા નાના છે.

પાઠ ૨ જો

# આ

ર ત બ પ
રા તા બા પા

મારા તારા બા બાપા

મારા છે. તારા છે.
બાપા છે. બા છે.

મારા બાપા છે. તારા બાપા છે.
મારા દાદા છે. તારા દાદા છે.
મારા નાના છે. તારા નાના છે.
મારા કાકા છે. તારા કાકા છે.



આ મારા કાકા છે.
આ મારા દાદા છે.
આ મારા નાના છે.
આ મારા બાપા છે.
આ મારા કાકા દાદા છે.
આ તારા કાકા મામા છે.
આ મારા નાના મામા છે.

---

પાઠ ૩ જો

ક મ ન ર દ
કી મી ની રી દી

| | |
|---|---|
| કાકા કાકી | મામા મામી |
| નાના નાની | દાદા દાદી |
| મારા મારી | તારા તારી |

આ કાકી છે. આ મારી કાકી છે.

આ મામી છે. આ મારી મામી છે.

આ દાદી છે. આ મારી દાદી છે.

આ બારી છે. આ નાની બારી છે.

આ કાકા કાકી છે.

આ દાદા દાદી છે.

આ મામા મામી છે.

આ નાના નાની છે.

આ બા બાપા છે.



પાઠ ૪ થો

## હ ળ ણ

હળ નળ ફળ

| | |
|---|---|
| આ હળ છે. | આ રણ છે. |
| આ નળ છે. | આ મણ છે. |
| આ ફળ છે. | આ ફણ છે. |

તાર બાર હાર

આ બાર તાર છે.

આ બાર હાર છે.

કાન નાક

આ કાન છે. આ નાક છે.

* * *

મામા કાળા છે? ના.

મામી કાળી છે? હા.

કાકા કાળા છે? ના.

કાકી કાળી છે? હા.

દાદા કાળા છે? ના.

દાદી કાળી છે? હા.

આ મારી માળા છે.

આ તારી માળા છે.

આ કાના માળી છે.

---

પાઠ ૫ મો

જ સ



| | |
|---|---|
| રામ રામ રામ | રામ રામ રામ |
| રાજા | રાજા |
| રામ રામ રામ | રામ રામ રામ |

* * *

| | |
|---|---|
| રામ રામ રામ | રામ રામ રામ |
| સીતા | સીતા |
| રામ રામ રામ | રામ રામ રામ |

* * *

સીતારામ રામસીતા

સીતારામ રામસીતા

સીતારામ રામસીતા

* * *

સીતારામ રામસીતા

રામસીતા સીતારામ

---

પાઠ ૬ ઠ્ઠો

## શ છ લ

પાણી કાણી રાણી

કાશી માશી રાશી

છાશ છાણ

લાલ લીલી

કાળી પીળી

| | |
|---|---|
| પાણી છે. | કાશી છે. |
| કાણી છે. | માશી છે. |
| રાણી છે. | રાશી છે. |

આ છાશ રાશી છે.

આ મારી માશી છે.



મારી માશી કાળી છે.

આ કાણી રાણી છે.

કાણી રાણી કાળી છે.

આ બારી લાલ છે.

આ બારી લીલી છે.

આ બારી પીળી છે.

તારી મામી કાણી છે? હા.

તારી નાની કાણી છે? ના.

તારી દાદી કાળી છે? હા.

તારી કાકી કાળી છે? ના.

આ છાણ છે.

આ શીશી છે.

---

પાઠ ૭ મો

# અ

## અ લ છ પ

## એ લે છે પે

બે દે લે છે

એક બે પેન

એક પેન લે બે પેન દે.

છાશ દે. પાણી દે. દાળ દે.

તલ દે. હળ દે. કણ દે.

એક બા છે. એક બાપા છે.

એક કાકા છે. એક કાકી છે.

એક મામા છે. એક મામી છે.



એક દાદા છે. એક દાદી છે.

બા પાણી પીએ છે.

બાપા પાણી દે છે.

કાકા પાણી લે છે.

કાકી પાણી દે છે.

બેન રમે છે. બા દળે છે.

મામી નળે છે. કાકા મળે છે.

---

પાઠ ૮ મો

## થ વ ઠ

કેરી દે. કેરી દે. કેરી દે.

મને દે. તેને દે. બાને દે.

કેરી દે. કેરી દે. કેરી દે.

બાપાને દે. કાકાને દે. મામાને દે.

કેરી દે. કેરી દે. કેરી દે.

થાળી દે.

એક થાળી મને દે.

એક થાળી બાને દે.

બે થાળી કાકાને દે.

બે થાળી કાકીને દે.

છ થાળી મામાને દે.

છ થાળી મામીને દે.

આઠ થાળી મને દે.

આઠ થાળી તેને દે.

બાર થાળી દાદાને દે.

બાર થાળી દાદીને દે.

* * *



શેરીએ શેરીએ દેરી છે.

દેરીએ દેરીએ દેવ છે.

દેવે દેવે દીવા છે.

દીવે દીવે તેજ છે.

તેજે તેજે બાળ રમે.

તેજે તેજે રમીએ અમે.

---

પાઠ ૯ મો

ખ ડ ગ

ખ ખો ડ ડો

ખોળ ડોલ

આ ખોળ છે. આ ડોલ છે.

રાતો હીરો. લીલો હીરો.

પીળો હીરો. નાનો હીરો.

બોર આપો. કેરી આપો.

કોર આપો. દડો આપો.

કાગડો છે. કાગડો કાણો છે.

બકરો છે. બકરો બાડો છે.

છગન દોડે છે. મગન દોડે છે.

છગન મગન દોડે છે.

છગન મગન બે સોનાના,
ને ગામના છોકરા ગારાના.

---

પાઠ ૧૦ મો

ઝ ચ ભ જી

ઢ ઠ



એક હતો રાજા. રોટલા તાજા.

રોટલા તાજા. રોટલી તાજી.

રોટલી તાજી. ખીચડી દાઝી.

ખીચડી દાઝી. ખારી ભાજી.

ચકલી એકલી હતી,
ચકલો એકલો હતો.
ચકલી એકલી ચણે,
ચકલો એકલો ચણે.
ચકલી ડાળે હતી,
ચકલો માળે હતો.
ચકલી માળે હતી,
ચકલો ડાળે હતો.
મોર મોર દાણા ખા,
ઢેલ ઢેલ પાણી પી.

ચકલી ચકલી ચણ ખા,

ચકલા ચકલા પાણી પી.

---

પાઠ ૧૧ મો

મારો છે મોર, મારો છે મોર,

મોતી ચરતો, મારો છે મોર.

મારી છે ઢેલ, મારી છે ઢેલ,

મોતી ચરતી, મારી છે ઢેલ.

મારો છે મોર, મારો છે મોર,

ડાળમાં બેસનાર, મારો છે મોર.

મારી છે ઢેલ, મારી છે ઢેલ,

ડાળમાં બેસનાર, મારી છે ઢેલ.



મારો છે મોર, મારો છે મોર,

રાજાનો માનીતો, મારો છે મોર.

મારી છે ઢેલ, મારી છે ઢેલ,

રાણીની માનીતી, મારી છે ઢેલ.

---

પાઠ ૧૨ મો

## ય

છાશ કોણ તાણે છે? મોતીબા.

નીરણ કોણ કરે છે? જીવામામા.

ખાણ કોણ દે છે? રામાકાકા.

ખડ કોણ વાઢે છે? રામાદાદા.

કોસ કોણ કાઢે છે? કાનજી.

કચરો કોણ વાળે છે? જકલબેન.

લોટ કોણ ચાળે છે? વાલી માશી.

આ કોની છોડી ? રામા પટેલની.

આ કોની વાડી ? રામા પટેલની.

આ કોની પાડી ? રામા પટેલની.

આ કોની ગાડી ? રામા પટેલની.

આ કોની ગાય ? રામા પટેલની.

આ કોની છાપરી ? રામા પટેલની.

---

પાઠ ૧૩ મો

આવ્યો લાવ્યો

મોર આવ્યો, કલગી લાવ્યો.

કાગડો આવ્યો, કાગડી લાવ્યો.

છગન આવ્યો, બોર લાવ્યો.

મગન આવ્યો, કોર લાવ્યો.



વોરો આવ્યો, ડાબલી લાવ્યો.

માળી આવ્યો, ડોલર લાવ્યો.

વણકર આવ્યો, ખાદી લાવ્યો.

શેઠ આવ્યો, મોતી લાવ્યો.

દરજી આવ્યો, દોરી લાવ્યો.

સોની આવ્યો, હાર લાવ્યો.

---

પાઠ ૧૪ મો

ઘ ઘ

ક્યાં શું

નથ ઘડી દે સોનારા રે,

મારી નથ ઘડી દે સોનારા.

તેરી તે નથમાં શું શું જોશે ?

માણેક મોતી ને પરવાળાં રે,
મારી નથ ઘડી દે સોનારા.

* * *

કાનો કાળજડાની કોર છે,
બેની મારો કાનો કાળજડાની કોર છે.
લીલી ટોપી ને માથે મોર છે,
બેની મારો કાનો કાળજડાની કોર છે.

* * *

કાન તારી મોરલીએ જી રે,
ગરબો ઘેલો કીધો.
સમી સાંજની,
આ રે મોરલડી ક્યાં રે વાગી ?
માઝમ રાતની,
આ રે મોરલડી ક્યાં રે વાગી ?



કાન તારી મોરલીએ જી રે,
ગરબો ઘેલો કીધો.

---

પાઠ ૧૫ મો

ઉ ુ

બ બુ ટ ટુ ર રુ

બબુ નટુ વજુ ધીરુ

લાડુ સાબુ

આ બબુ છે.

આ નટુ છે.

આ વજુ છે.

લખુ લખે છે. રમુ રમે છે.
ગજુ ગાય છે. નબુ નાચે છે.

તનુ તાળી દે છે. બા ધુએ છે.

ભગુ સાબુ દે છે. બબુ રુએ છે.

ભાભી ગુલાબ લાવે છે.

બેન ગુલાબ લે છે.

---

પાઠ ૧૬ મો

ઇ ઊ

વ વિ દ દૂ

વિનુ દૂધ પૂરી દિનુ

તને શું ભાવે છે ? મને દૂધ ભાવે છે.

તને શું ભાવે છે ? મને પૂરી ભાવે છે.

એ શું છે ? એ ફૂલ છે.

એ શું છે ? એ કબૂતર છે.

વિનુભાઈ રુખીબેન દિનુભાઈ



લીલુબેન નથુભાઈ જસુબેન

માસા પૂરી લાવ્યા. બાપા લાડુ લાવ્યા.

કાકા કાજુ લાવ્યા. મામા મૂળો લાવ્યા.

દાદા જોતર લાવ્યા. ભાભા ઝૂલ લાવ્યા.

ભાઈ ફળ લાવ્યા. ફુઆ ફૂલ લાવ્યા.

ઉપર ચડો. નીચે ઊતરો.

ઉકડમુકડ કેટલો ભાર ?

એક ઉતાર.

---

પાઠ ૧૭ મો

હું છું તું એં એં બેં બેં

હું કોણ છું ? હું બબુ છે.

તું કોણ છે? હું નટુ છું.

મારું બકરું નાનું છે.

તારું બકરું મોટું છે.

આ વાંદરું કાળું છે.

પેલું વાંદરું રાતું છે.

બકરું બેંબેં કરે છે.

ઘેટું એંએં કરે છે.

ઘોડું હણહણે છે.

ગધેડું ભૂંકે છે.

હોલું ઘૂઘવે છે.

કબૂતર ઊડે છે. રીંગણું કાળું છે.

મરચું રાતું છે. કોળું ભૂરું છે.

ટમેટું લીલું છે. ભજિયું એઠું છે.

---



પાઠ ૧૮ મો

ઊભું હતું ઊભું હતું,
ચાર પગે ઊભું હતું.
ઊંચા કાને ઊભું હતું,
ધોળા વાને ઊભું હતું.
ઉકરડાએ ઊભું હતું,
ટૂંકે પૂંછડે ઊભું હતું,
ઊભું હતું ઊભું હતું,
ચાર પગે ઊભું હતું.

* * *

આવ રે નાર, નહિ આવું.
તારી કોઠી ભરી જાર, નહિ આવું.

તું આવી તો જો, નહિ આવું.
તારી ભેંશ વિયાણી, નહિ આવું.
તારી પાડી રણકે, નહિ આવું.
તારી ભેંશ ભડકે, નહિ આવું.
આવ રે નાર, નહિ આવું.
તું આવી તો જો, નહિ આવું.

* * *

મારે માથે કોણ બેઠું ? હોલો રાણો.
ઊતર હોલા હું ચડું; નહિ ઊતરું.
નીરે નવરાવું; નહિ ઊતરું.
ખીર ખવરાવું; નહિ ઊતરું.

---



પાઠ ૧૯ મો

## કૃષ્ણ

વાણે ચડે, વાણે ચડે,
મારી ફઈબાના દીકરા વાણે ચડે.
મોતી લાવે, મોતી લાવે,
મારી ફઈબાના દીકરા મોતી લાવે.
કેવાં લાવું ? કેવાં લાવું ?
મારી મામાની માનબાઈ કેવાં લાવું ?
રાતાં લાવે, પીળાં લાવે,
મારી ફઈબાના દીકરા મોતી લાવે.
લીલાં લાવે, મોટાં લાવે,
મારી ફઈબાના દીકરા મોતી લાવે.

ઝીણાં લાવે, મોટાં લાવે,
મારી ફઈબાના દીકરા મોતી લાવે.
વાણે ચડે, વાણે ચડે,
મારી ફઈબાના દીકરા વાણે ચડે.
મોતી લાવે, મોતી લાવે,
મારી ફઈબાના દીકરા મોતી લાવે.

* * *

જાગ ને જાદવા, કૃષ્ણ ગોવાળિયા,
તુજ વિના ધેનમાં કોણ જાશે ?
દહીંતણાં દહીંથરાં, ઘીતણાં ઘેબરાં,
કઢિયેલાં દૂધ તે કોણ પીશે ?
જાગ ને જાદવા, કૃષ્ણ ગોવાળિયા,
તુજ વિના ધેનમાં કોણ જાશે ?



પાઠ ૨૦ મો

સવારે ઊઠી દાતણ લો.
ચાવી ચાવી કૂચો કરો.
ઘસી ઘસીને દાંત ઘસો.
ફૂ ફૂ કરતા કોગળા કરો.
વાસી મોઢું સાફ કરો.
દાતણ ન મળે મીઠું લો.
ચૂલામાંથી રાખ લો.
દાંત ઘસો;
દાઢ ઘસો;
અંદર ઘસો, બહાર ઘસો.
પેઢાં ધુઓ, જીભ ધુઓ;
નાક ધુઓ, આંખ ધુઓ.
મોઢું ધોઈ સાફ બનો.

પાઠ ૨૧ મો

શંખ ગંધ ડંખ

પરમેશ્વર

ભૂંડ કુંડ

શાન્તા કાન્તા

આ શંખ છે.

આ ગંધ સારી છે.

વીંછી ડંખ મારે છે.

હું બે ટંક ખાઉં છું.

પંચ ત્યાં પરમેશ્વર.

ખેતરમાં ભૂંડ બહુ થયા છે.

શીહોરમાં ગૌતમ કુંડ છે.

રાવણની લંકા સોનાની હતી.



શાન્તા મારી બેનનું નામ છે.

કાન્તા મારી ભાભીનું નામ છે.

જંગલમાં મંગળ.

કંકર એટલા શંકર.

સંપ ત્યાં જંપ.

---

પાઠ ૨૨ મો

ચાલો હવે વરત નાખું ?

બોલો—

રણવગડામાં હોલા હીંચકે.

રણવગડામાં લોહીનું ટીપું.

રણવગડામાં રાતા ખીલા.

રણવગડામાં ડોશી દાંત કાઢે.

ઘેર ઘેર ઠીંગણા ઠાકર.

ઘેર ઘેર જીંથરિયા બાવા.

આટલીક છોડી આખું ઘર અજવાળે.

આટલીક છોડી સાત સાડલા પહેરે.

આટલીક છોડી રાજાની પાઘડી ઉતરાવે.

આટલીક છોકરી રૂમઝૂમ ભરી.

આટલીક ડાબલીમાં ગોરબાઈ રમે.

આટલીક ઝાડવે સીદીભાઈ હીંચકે.

---

પાઠ ૨૩ મો

જ્યાં ત્યાં

વિષ્ણુ લક્ષ્મી



જ્યાં ફૂલ ત્યાં ભમરા.

જ્યાં મેઘ ત્યાં માખી.

જ્યાં દામ ત્યાં હામ.

જ્યાં રામ ત્યાં કામ.

જ્યાં દાનત ત્યાં બરકત.

જ્યાં સંપ ત્યાં જંપ.

જ્યાં હિંમત ત્યાં જીત.

જ્યાં ડર ત્યાં હાર.

જ્યાં શિવ ત્યાં ઉમિયા.

જ્યાં રામ ત્યાં સીતા.

જ્યાં વિષ્ણુ ત્યાં લક્ષ્મી.

ક્યાં રાજા ભોજ ને ક્યાં ગાંગો તેલી.

કચાં લંકા ને કચાં ઘોઘા.
કચાં સાગર ને કચાં વીરડો.
કચાં રાય ને કચાં રંક.
કચાં સૂરજ ને કચાં દીવી.
કચાં સિંહ ને કચાં શિયાળ.
કચાં સોનું ને કચાં કથીર.
કચાં હંસ ને કચાં કાગડો.
કચાં હિમાલય ને કચાં ટેકરો.

---

પાઠ ૨૪ મો

| | | |
|---|---|---|
| હાંકચું | ખેડચું | ગાજ્યો |
| પડચો | વરસ્યો | પલળ્યાં |
| વાવ્યાં | ફૂટચા | તપ્યો |



| | | |
|---|---|---|
| વધ્યો | નીંદચું | જોડચું |
| પહોંચ્યું | રાખ્યું | |

હળ હાંકચું ને ખેતર ખેડચું.
મે ગાજ્યો ને વરસાદ પડચો.
વરસાદ વરસ્યો ને ખેતર પલળ્યાં.
બી વાવ્યાં ને કોંટા ફૂટચા.
તડકો તપ્યો ને મોલ વધ્યો.
દાડિયાં આવ્યાં ને ખડ નીંદચું.
ગાડું જોડચું ને બળદ હાંકચા.
ખેતરે પહોંચ્યું ને ઊભું રાખ્યું.

| | | | |
|---|---|---|---|
| ડચ | જ્ય | સ્ય | ળ્ય |
| ટચ | પ્ય | ધ્ય | દચ |
| | ચ્ય | ખ્ય | |

---

પાઠ ૨૫ મો

## ભર્યાં ચંદ્ર હાલ્યાં

પીલૂડાં પાકયાં, પીલૂડાં પાકયાં,
અઘોર વન વેડયાં, મા પીલૂડાં પાકયાં.
જાળી ઉપર જાળી, જાળી ઉપર જાળી,
ઝૂલે છે મારી માડી, મા પીલૂડાં પાકયાં.
પીલૂડાં પાકયાં, પીલૂડાં પાકયાં,
અઘોર વન વેડયાં, મા પીલૂડાં પાકયાં.

* * *

દળ હાલ્યાં ને વાદળ ઊમટયાં,
ગોકુળમાં ટહુકયા મોર,
મળવા આવો સુંદર વર શામળિયા.
તમે ના'વો તો નંદજીની આણ-મળવા૦



તમે મળવા તે ના'વો શા માટે ?
તમે છો રે સદાયના ચોર-મળવા૦

* * *

આશાભર્યાં તે અમે આવિયાં ને,
મારે વાલે રમાડયાં રાસ રે,
આવેલ આશાભર્યાં.
શરદ પૂનમની રાતડી ને,
કંઈ ચંદ્ર ચડયો આકાશ રે,
આવેલ આશાભર્યાં.

ર્ય દ્ર લ્ય

---

પાઠ ૨૬ મો

## ચોખ્ખી બત્રીશ ડબ્બા

જ્યાં ત્યાં અમે થૂંકશું નહિ.

જયાં ત્યાં અમે દાતણ કરશું નહિ.
જયાં ત્યાં અમ કચરો ફેંકશું નહિ.
અમે ચોખ્ખી હવા લેવાના.
અમે ચોખ્ખું પાણી પીવાના.
અમે ચોખ્ખું ખાવું ખાવાના.
અમે ચોખ્ખા ચોખ્ખા રહેવાના.

બત્રીશ બાવા ખાંડે
ને લૂલીબાઈ સંકોરે.

ભર્યા કૂવામાં પાંચશેરી તરે.
ભર્યા કૂવામાં કોશ તરે.

છ પગ છાપરે, બે ડબ્બા દૂઝે;
વાંસે વધ્યું પૂંછડું, એનું કાંઇ સૂઝે?

---



પાઠ ૨૭ મો

## સ્વસ્તિ લાગ્યો સૌ

એક કાગળ

સ્વસ્તિ શ્રી મોણપુર મુકામે શુભોપમા લાયક ભાઈશ્રી ૫ ભાઈ રામજી પટેલને માલમ થાય જે તમારો કાગળ પહોંચ્યો છે. વાંચીને અમે રાજી થયા છીએ. તમારા સારા સમાચાર જાણીને અમને નિરાંત થઈ છે.

બીજું તમે પોંક મોકલ્યો તે અમે સૌએ ભેગા બેસીને ખાધો છે. બહુ મીઠો લાગ્યો. ખાતાં ખાતાં તમને ખૂબ સંભારતા હતા. કાલે રઘુ સાથે તલ મોકલશું. તલસાંકળી કરીને સૌ ખાજો. ઓણુ તલ બહુ સારા થયા છે. ત્રણ કળશી થશે. તલના ભાવ પણ સારા છે.

કાગળપત્ર લખતા રહેજો. અમારી ભાભીને પાયલાગણુ કહેજો. છોકરાંને બોલાવજો. લખિતંગ પટેલ શામાના ઘણા ઘણા રામરામ વાંચજો.

સ્વ સ્ત ગ્ય

---

પાઠ ૨૮ મો

ઊઠયો રસ્તે વાઢયું આથમ્યો

આજે હું વહેલો ઊઠયો.
ઊઠી કરીને દાતણ કર્યું.
દાતણ કરીને શિરાવ્યો.
શિરાવીને કોગળા કર્યા.
કોગળા કરીને જોડા પહેર્યા.
જોડા પહેરી ખેતર ચાલ્યો.
અરધે રસ્તે સૂરજ ઊગ્યો.
સૂરજને હું પગે લાગ્યો.
આઘે જતાં માધો મળ્યો.
માધો મારી સાથે પળ્યો.
ખેતર પહોંચી ખડ વાઢયું.



ખડ વાઢીને પૂળા વાળ્યા.
પૂળા લઈને પાછા વળ્યા.
વળતાં વળતાં સૂરજ આથમ્યો.
સૂરજ આથમ્યો ચાંદો ઊગ્યો.
ઘેર જઈને વાળુ કર્યું.
વાળુ કરીને સૂઈ ગયા.

ઠય ઢય મ્ય

---

પાઠ ૨૯ મો

થાપ્યું નાખ્યાં વચ્ચે પ્રગટયો

વહેલી ઊઠી દળણું દળ્યું.
દળણું દળીને પાણી ગળ્યું.

પાણી ગળીને વાસીદું વાળ્યું.
વાળી કરીને છાણ થાપ્યું.
છાણ થાપી શાક વઘાર્યું.
શાક વઘારી રોટલા ઘડ્યા.
રોટલા સહુને ખવરાવ્યા.
ખવરાવીને ઠામ ઊટક્યાં.
ઠામ ઊટકી લૂઈ નાખ્યાં.
બપોર વચ્ચે થીગડું દીધું.
બપોર વચ્ચે બાવાં પાડ્યા.
ફરી વાર આંગણું વાળ્યું.
ફરી વાર કળશા ઊટક્યા.
રોંઢા ટાણે રાંધણું કર્યું.
સાંજ પડી ને દીવો પ્રગટ્યો.



રાત પડી ને વાળુ કાર્યું.
વાળુ નિરાંતે કરાવ્યું.
કામકાજ બધાં પૂરાં થયાં,
ને થાકી પાકી ઊંઘી ગયાં.

ય્ય ચ્ય પ્ર

---

પાઠ ૩૦ મો

હરિ વેણ વાય છે રે હો વનમાં,
તેનો વે વાધ્યો મારા તનમાં;
ચિતડામાં ચટપટી રે હો લાગી,
જીવન જોવાને હું જાગી.
રસિયાજીને રે હો રાગે,

વ્યાકુળ કીધાં છે વૈરાગે;
ગતમત ભૂલી રે હો સજની,
વ્રજમાં વાગે વાંસળી વ્હેનની;
ધીરજ ધરિયાં રે હો ધ્યાને,
કાંકણુ નેપુર પેર્યાં કાને;
સેંથડે કાજળ રે હો સાર્યાં,
વ્હેમાં બાળકને રે વિસાર્યાં;
રાત શરદની રે હો શોભે,
હૈડું હરિ મળવાને લોભે;
મળ્યા મીઠાના રે હો સ્વામી;
ગોપિયું આનંદ સુખડાં પામી;
હરિ વેણુ વાય છે રે હો વનમાં.



પાઠ ૩૧ મો

## લપસ્યાં ન્હાયાં ડૂબ્યાં

આવ્યાં કે છોકરાં? હા જી હા.
ન્હાયાં કે છોકરાં? હા જી હા.
કૂદયાં કે છોકરાં? હા જી હા.
ડૂબ્યાં કે છોકરાં? ના જી ના.
આવ્યાં કે છોકરાં? હા જી હા.
ચડયાં કે છોકરાં? હા જી હા.
રમ્યાં કે છોકરાં? હા જી હા.
પડયાં કે છોકરાં? હા જી હા.
રડયાં કે છોકરાં? હા જી હા.
લપસ્યાં કે છોકરાં? હા જી હા.
દોડયાં કે છોકરાં? હા જી હા.
દડયાં કે છોકરાં? ના જી ના.

કયાં ગ્યાંતાં?
ભણુવા ગ્યાંતાં.
કોને ત્યાં?
ભાઈ ને ત્યાં.
કોણે ભણાવ્યું?
એણે ભણાવ્યું.
શું શીખવ્યું?
વાંચતાં શીખવ્યું.
શું વાંચ્યું?
પાઠ વાંચ્યો.
શું લખ્યું?
શ્રી રામ લખ્યું.

ન્હ ખ્ય સ્ય



પાઠ ૩૨ મો

હણહણ્યો ગણગણ્યું

સિંહ ત્રાડૂકયો ને હરણ ભાગ્યાં.
ઘોડો હણહણ્યો ને ગધેડું ભૂંકયું.
બિલાડીએ મ્યાંઉં કર્યું ને કૂતરું ભસ્યું.
હોલું ઘૂઘવ્યું ને પોપટ પઢયો.
મચ્છર ગણગણ્યું ને હાથી ભાગ્યો.
માકડ કરડયો ને માણસ ખિજાયો.
લખુ જાગ્યો ને રોટલો માગ્યો.
પડકારો કર્યો ને ચોર ભાગ્યો.
મોર આવ્યો ને દાણા નાખ્યા.
કેસૂડાં આવ્યાં ને ખાખરો ખીલ્યો.

તેલ નાખ્યું ને માથું ગૂંથ્યું.
પાણી આવ્યું ને તરસ છિપાવી.
નામું માંડયું ને હિસાબ સમજ્યા.

થ્ય ણ્ય

---

પાઠ ૩૩ મો

આ લાકડું કોણે વેર્યું ? સુતારે.
આ લોઢું કોણે ઘડયું ? લુહારે.
આ સોનું કોણે ટીપ્યું ? સોનીએ.
આ જોડા કોણે સીવ્યા ? મોચીએ.
આ કપડાં કોણે સાંધ્યાં ? દરજીએ.



આ તલ કોણે પીલ્યા ? ઘાંચીએ.
આ લૂગડું કોણે વણ્યું ? વણકરે.
આ ગાંઠિયા કોણે વણ્યા ? કંદોઈએ.
આ ચૂંદડી કોણે રંગી ? રંગારે.
આ ચોપડી કોણે લખી ? લેખકે.
આ ઘર કોણે ચણ્યું ? કડિયાએ.
આ વાળ કોણે કાપ્યા ? વાળંદે.
આ ફૂલ કોણે આણ્યાં ? માળીએ.

---

પાઠ ૩૪ મો

## ગણતરી

| | | | |
|---|---|---|---|
| એક | ૧ | દસ | ૧૦ |
| બે | ૨ | વીશ | ૨૦ |
| ત્રણ | ૩ | ત્રીશ | ૩૦ |
| ચાર | ૪ | ચાળીશ | ૪૦ |
| પાંચ | ૫ | પચાસ | ૫૦ |
| છ | ૬ | સાઠ | ૬૦ |
| સાત | ૭ | સિત્તેર | ૭૦ |
| આઠ | ૮ | એંશી | ૮૦ |
| નવ | ૯ | નેવું | ૯૦ |
| દસ | ૧૦ | સો | ૧૦૦ |

હજાર ૧૦૦૦



પાઠ ૩૫ મો

## છેલ્લો પાઠ

આ મારો છેલ્લો પાઠ છે.

ચોત્રીશ પાઠ ભણ્યા.

આ પાઠ પાંત્રીશમો છે.

હવે અમને વાંચતાં આવડ્યું.

હવે અમે વાર્તા વાંચશું.

હવે અમે કાગળ વાંચશું.

હવે અમે છાપાંઓ વાંચશું.

હવે અમે લખતાં થયાં.

જે વાંચશું તે શીખશું.

રોજ રોજ વાંચશું.

નવું નવું જાણશું ને નવું નવું કરશું.

શીખેલા મૂળાક્ષરો

**વ્યંજન**

ક ખ ગ ઘ ચ

છ જ ઝ ટ ઠ

ડ ઢ ણ ત થ

દ ધ ન પ ફ

બ ભ મ ય ર

લ વ શ સ

હ ળ

★

**સ્વર**

અ આ ઇ ઉ એ

---